A step towards

# NEW INDIA

as envisioned by the
Hon'ble Prime Minister of India

# नवनारी

એક
અભિયાન



નવનારી

સ્વસ્થ
સાક્ષર
સક્ષમ

सबका साथ सबका विकास

NEW
INDIA
NEW
NAVSARI



**શ્રી નરેન્દ્રભાઈ મોદી**

**માન. વડાપ્રધાનશ્રી**

## ‘‘ શિક્ષણ માનવ જીવનને આત્મનિર્ભર બનાવે છે. તે સમાજમાં પ્રતિષ્ઠા સાથે જીવન જીવવા પ્રેરે છે.’’



**શ્રી વિજયભાઈ રૂપાણી**

**માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**



**શ્રી નીતિનભાઈ પટેલ**

**માન. નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**



**શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**

**માન. મંત્રીશ્રી શિક્ષણ, ગુજરાત રાજ્ય**



**શ્રી નાનુભાઈ વાનાણી**

**માન. મંત્રીશ્રી શિક્ષણ (રા.ક.), ગુજરાત રાજ્ય**

# :: નવનારી એક અભિયાન ::

## ૧. પ્રસ્તાવના :

એમ કહેવાય છે કે ''જો તમે એક પુરૂષને ભણાવશો તો એક પુરૂષ જ ભણશે, પરંતુ જો તમે એક સ્ત્રીને ભણાવશો તો આખી પેઢી ભણશે.'' જે આખા રાષ્ટ્રને શિક્ષિત કરવા બરાબર છે. મહિલા અને તેના પરિવાર વચ્ચેના આ જોડાણ તરફ કોઈનું ધ્યાન જતું નથી. પરિવારનું ઉમદા જીવનધોરણ મોટા ભાગે પરિવારની મહિલાઓના શિક્ષણના સ્તર અને જાગૃતિ પર જ આધારિત છે. તે પરિવાર ના સમગ્ર જીવનધોરણ માટે જવાબદાર છે, જેમાં ખોરાક અને પોષણ, આરોગ્ય અને સ્વચ્છતા તથા કુટુંબના સંસાધનોનું નાણાંકીય સંચાલન પણ તેમાં સામેલ છે. આમ કુટુંબની એકંદર સ્થિતિ સમગ્ર રાષ્ટ્રને અગ્રેસર દિશામાં દોરી જાય છે. તેથી તે અત્યંત મહત્ત્વનું છે કે સમાજની મહિલાઓને શિક્ષણ અને આર્થિક સંચાલનથી સશક્ત કરવી જોઈએ જેથી શિક્ષિત મહિલાઓ દ્વારા ભવિષ્યની પેઢી રાષ્ટ્રની પ્રગતિનો મજબૂત આધાર બને.





''બેટી બચાઓ બેટી પઢાઓ'' સૂત્ર દ્વારા આ બાબતની આપણા માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા સ્પષ્ટ રીતે કલ્પના કરવામાં આવી છે. આ સૂત્રમાંથી પ્રેરણા લઈને નવસારી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારની સ્ત્રીઓ કે જેઓ જુદા-જુદા કારણોસર શિક્ષણથી વંચિત રહેલ છે. તેમને શિક્ષિત કરવાની એક ઝુંબેશ ''નવનારી'' એક અભિયાન શરૂ કરવામાં આવેલ છે. અભિયાનનો હેતુ ફક્ત તેઓને સાક્ષર કરવો જ નહી પરંતુ તેમના સ્વાસ્થ્ય, આરોગ્ય અને આર્થિક જીવન ધોરણને પણ ઊંચુ લાવવાનો છે.

જીલ્લાના માનકુનીયા અને નિરપણ ગામમાં કે જયાં સ્ત્રી સાક્ષરતા દર અનુક્રમે ૩૬.૧% અને ૩૮.૮% છે ત્યાં નિરક્ષરતા દૂર કરવા અમે '' પાયલોટ પ્રોજેક્ટ'' શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટ દરમ્યાન અમારા નિરીક્ષણ માં જાણવા મળ્યું કે આ અભિયાન ની અમલવારી માટે જો ગ્રામીણ ભારતને ડિજીટલ અને કેશ-લેશ અર્થતંત્ર બનાવવું હોય તો પાયાની સાક્ષરતા ખૂબ જરૂરી છે. આ વર્ગો શરૂ થયા બાદ માનકુનીયા અને નિરપણની સ્ત્રીઓ તથા અન્ય ગ્રામજનો પાયાની સાક્ષરતા મેળવવા ખૂબ ઉત્સાહથી આ વર્ગમાં ભાગ લે છે. હાલ ચાલતા ૨૫ નવનારી વર્ગોમાં જુદા જુદા ગામોમાં તેમના પરિવારના સહકારથી ૭૧૫ બહેનો ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહેલ છે.

## ૨. નવનારી અભિયાન શા માટે ?

નીચે આપેલ કોષ્ટક ૧ સ્ત્રી અને પુરૂષની વસ્તીમાં રહેલું સાક્ષરતાનું અંતર દર્શાવે છે.

**કોષ્ટક-૧**

| સાક્ષરતા દરમાં જાતીય અંતર | | | | |
|---|---|---|---|---|
| | કુલ (%) | પુરૂષ સાક્ષરતા દર (%) | સ્ત્રી સાક્ષરતા દર (%) | જાતીય અંતર (%) |
| ભારત | ૭૪.૦ | ૮૨.૧ | ૬૫.૫ | ૧૬.૬ |
| ગુજરાત | ૭૮.૦ | ૮૫.૮ | ૬૯.૭ | ૧૬.૧ |
| નવસારી | ૮૩.૦ | ૮૮.૭ | ૭૮.૮ | ૯.૯ |

ઉપરોક્ત કોષ્ટકના અનુસંધાને રાજય અને રાષ્ટ્રીય કક્ષાના જાતીય સાક્ષરતા અંતર મુજબ નવસારી જીલ્લામાં ખૂબ મોટા પ્રમાણમાં જાતીય સાક્ષરતા તફાવત જણાયેલ નથી. તેમજ નવસારીના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં પણ તે અંતર ઓછું છે. થોડા પ્રયત્ન થકી આ તફાવત પણ શૂન્ય થવાની શકયતાઓ રહેલી છે. અને ખૂબ જલ્દીથી નવસારી જીલ્લાનો સ્ત્રી અને પુરૂષ સાક્ષરતા દર સમાન થઈ શકે તેમ છે.







**કોષ્ટક - ૨**

| સ્ત્રી સાક્ષરતા દર | ગામની કુલ સંખ્યા |
|---|---|
| ૫૦% થી ઓછો | ૩૬ |
| ૫૦% થી ૬૦% | ૫૩ |
| ૬૦% થી ૭૦% | ૧૧૨ |
| ૭૦% થી ૮૦% | ૯૬ |
| ૮૦% થી ૯૦% | ૬૫ |
| ૯૦% થી વધુ | ૧૦ |
| કુલ | ૩૭૨ |

નવસારી જીલ્લાના ૩૭૨ ગામ પૈકી સ્ત્રી સાક્ષરતા દર કોષ્ટક-૨ માં દર્શાવેલ છે. નવસારી જીલ્લાના કુલ ૩૭૨ ગામ પૈકી ૨૮૮ ગામમાં સરેરાશ સ્ત્રી સાક્ષરતા દર જીલ્લાના સરેરાશ દર કરતાં ઓછો છે.





## ૩. લક્ષ્ય જૂથ : (Target Group)

નવસારી જીલ્લાની ૧૫-૫૦ વર્ષની વય ધરાવતી સ્ત્રીઓને સાક્ષર કરાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ૨૦૧૧ ના વસ્તી ગણતરીના આંકડા મુજબ નવસારીના ૩૬ ગામો જયાં સ્ત્રી સાક્ષરતા દર ૫૦% કરતા પણ ઓછો છે તેને શરૂઆત ના તબક્કે અગ્રિમતા આપીશું તેમજ બાકી રહેલા ગામડાઓને પણ આ ઉદ્દેશ્ય થકી સાંકળવાનો પ્રયત્ન છે.

૧૫-૫૦ વર્ષના વય જૂથની પસંદગી એ કારણસર થઈ છે કે આ વય જૂથમાં મહિલાઓ લગ્ન કરી માતા બને છે. જો આ વયજૂથની સ્ત્રીઓને શિક્ષિત કરવામાં આવે તો સગર્ભાવસ્થા અને બાળ ઉછેર દરમીયાનની આરોગ્ય અને સ્વચ્છતા સંબંધિત મુશ્કેલીઓનું નિરાકરણ થઈ શકે.

આ વય આર્થિક ઉત્પાદક પ્રવૃત્તિઓના સૌથી મહત્ત્વના વર્ષ ધરાવે છે, તેમજ કૌશલ્યો દ્વારા સુખમય જીવન જીવવાની તકો તેમાં રહેલી છે. જો કેટલાક નક્કર આજીવિકાના વિકલ્પો નવા પ્રકારની તાલીમ વડે પ્રાપ્ત થાય તો સમાજના ઘણા પરિવારોના જીવન ધોરણ બદલાઈ શકે તેમ છે.

## ૪. લક્ષિત લાભાર્થી જૂથ : (Potential Target Group)

કોષ્ટક-૩ માં દર્શાવેલ આંકડાઓ લક્ષિત લાભાર્થી જૂથની સંખ્યા દર્શાવે છે.

**કોષ્ટક -૩**

| વિસ્તાર | કુલ સંખ્યા | કુલ કુટુંબ | કુલ વસ્તી | કુલ સ્ત્રી વસ્તી | શિક્ષિત સ્ત્રીઓ | નિરક્ષર સ્ત્રીઓ |
|---|---|---|---|---|---|---|
| ગામડા | ૩૭૨ | ૨૦૩૨૯૭ | ૯૨૦૫૩૫ | ૪૫૫૭૮૬ | ૩૧૩૧૬૦ | ૧૪૨૬૨૬ |
| શહેર | ૧૩ | ૯૧૮૩૪ | ૪૦૯૧૩૭ | ૧૯૫૭૨૧ | ૧૪૯૨૭૮ | ૪૬૪૪૩ |
| કુલ | ૩૮૫ | ૨૯૫૧૩૧ | ૧૩૨૯૬૭૨ | ૬૫૧૫૦૭ | ૪૬૨૪૩૮ | ૧૮૯૦૬૯ |

કોષ્ટક ઉપરથી જણાય છે કે વર્ષ ૨૦૧૧ ના વસ્તી ગણતરીના આંકડાઓના આધારે ૧,૮૯,૦૬૯ મહિલાઓ જીલ્લામાં નિરક્ષર હતી. જો ૧૫-૫૦ વર્ષના વયજૂથ ઉપર હાલના તબક્કે ધ્યાન કેન્દ્રિત કરીએ તો સરેરાશ ૬૦% મહિલાઓ આ જૂથમાં ગણતાં અંદાજે નિરક્ષર મહિલાઓની સંખ્યા ૧૫-૫૦ વર્ષના વયજૂથમાં ૧,૦૦,૦૦૦ થાય.

## ૫. ધ્યાન ક્ષેત્ર : (Area of Focus)

૧. સાક્ષરતા
૨. આરોગ્ય અને સ્વાસ્થ્ય
૩. આજીવિકા અને આર્થિક સમાવેશ
૪. પ્રત્યેક ગૃહિણીઓને ગેસ કનેકશન

## ૬. નવનારી અને તેની કાર્ય યોજના :

''નવનારી'' એ એક મહિનાની મુદતનો ૩૦ દિવસનો અભ્યાસક્રમ છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય સાક્ષરતા, સ્વાસ્થ્ય અને આજીવિકા છે.

### (અ) વર્ગનું સ્થળ :

આ અભિયાન ગામડાઓમાં અમલી બનશે, ગામની મહિલાઓ વર્ગ માટે સ્થળ સમય અને કો ઓર્ડિનેટર નક્કી કરશે. ગામના સરકારી શાળાના શિક્ષકો, જીલ્લા વહિવટી તંત્રના માર્ગદર્શન હેઠળ સતત નિરીક્ષણ કરી મદદરૂપ થશે.

## (બ) ખર્ચ અને અલ્પાહાર :

દરેક વર્ગમાં અંદાજીત ૨૫ થી ૩૦ બહેનો સહભાગી હશે. દરેક બહેનોને એક કીટ આપવામાં આવશે. જેમાં શીખવા માટેની સામગ્રી હશે. સ્થાનિક મહિલા/વ્યક્તિ બહેનોને શીખવશે. શિક્ષકને એક દિવસના ૧૦૦ રૂ. લેખે મહિનાના રૂ. ૩૦૦૦/- માનદ વેતન ચૂકવવામાં આવશે. વર્ગમાં ભાગ લેનાર બહેનોને દરરોજ ઈચ્છાનુસાર નાસ્તાની પણ વ્યવસ્થા હશે. જે માટે રૂ. ૧૦/- પ્રતિ વ્યકિત, પ્રતિ દિન ચૂકવાશે.

## (ક) વર્ગની વિષયવસ્તુઃ

### ૧. સાક્ષરતા :

સાક્ષરતા અંતર્ગત દરેક વર્ગ ૧ મહિનાની મુદતનો રહેશે. જેમાં દરેકને ભણવા માટે અભ્યાસ પુસ્તક અપાશે. જેમાં મુખ્યત્વે સાક્ષરતાનો અભ્યાસક્રમ સમાયેલ હશે. આ પુસ્તક જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને તેની ટીમ દ્વારા તૈયાર કરેલ રોજના ૨ કલાક લેખે ૬૦ કલાક ના વિષયવસ્તુ આધારિત સઘન અભ્યાસક્રમ છે.

### ૨. સ્વાસ્થ્ય અને આરોગ્ય :

આ કાર્યક્રમના પ્રથમ ૧૦ દિવસ દરમ્યાન ડોક્ટર્સ અને ગાયનેકોલોજીસ્ટ જયાં નવનારી અભિયાન કાર્યરત હશે, તે ગામના વર્ગોની મુલાકાત લેશે અને ભાગ લેનાર સ્ત્રીઓનું સંપૂર્ણ હેલ્થ ચેક અપ કરશે તેમજ તેમના અને તેમના પરિવારના સ્વાસ્થ્ય અને આરોગ્ય માટેની જાણકારી આપશે. જો કોઈ ભાગ લેનાર મહિલાને વધુ મેડિકલ સારવાર અથવા મદદની જરૂર જણાય તો સરકારી તંત્ર હેઠળ સુવિધા આપવામાં આવશે.

### ૩. આજીવિકા અને આર્થિક સમાવેશ :

કાર્યક્રમના ત્રીજા તબક્કામાં બેંકના અધિકારીશ્રીઓ મુલાકાત લઈ મહિલાઓના અલગ બેંક ખાતા ખોલાવશે. તે દ્વારા મહિલાઓ રોજબરોજના આર્થિક વ્યવહારો જાતે કરતી થશે. કાર્યક્રમના છેલ્લા અઠવાડિયામાં DRDA ના અધિકારીશ્રીઓ વર્ગોની મુલાકાત લેશે અને મહિલાઓ માટે તેની આજીવિકાના વિકલ્પો શોધવામાં મદદ કરશે અને જરૂરીયાત તથા આવશ્યકતા જણાય ત્યાં આજીવિકાની યોજનાઓનો લાભ આપવા માટે મદદરૂપ થશે.

### ૪. પ્રત્યેક ગૃહિણીને ગેસ કનેકશન

વર્ગના અંતે પ્રત્યેક ભાગ લેનાર બહેનોને રાંધણ ગેસ કનેકશનની સુવિધા પૂરી પાડવા પ્રયાસ થશે. પ્રધાનમંત્રી ઉજવલા યોજના માટે પાત્રતા ધરાવનાર બહેનોને આ અભિયાનના અંતે ગેસ સુવિધા ઉપલબ્ધ કરાવવા પ્રયાસ થશે. અન્ય બહેનોને સમાજના સહકારથી ગેસ કનેકશન અપાવવા પ્રયાસ થશે.

## ૭. નવનારી એક અભિયાનની ઉપલબ્ધિ :

આ અભિયાનથી નીચે મુજબના ઉદ્દેશો સિધ્ધ કરીશું.

૧. નવસારી જીલ્લો સાર્વત્રિક સાક્ષરતા પ્રાપ્ત કરશે.

૨. સ્ત્રી અને પુરૂષોના સાક્ષરતા દરમાં કોઈ તફાવત નહીં રહે.

૩. MMR અને IMR માં નોંધપાત્ર ઘટાડો થશે.

૪. મહિલાઓનું આર્થિક સશક્તિકરણ થશે.

૫. પરિવાર અને સામુદાયિક ક્ષેત્રે નિર્ણય પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારી વધશે.



# નૂતન ભારત

વ્યકિતગત આકાંક્ષાઓના સ્થાને રાષ્ટ્રીય આકાંક્ષાઓને પ્રાધાન્ય

સપનામાંથી વાસ્તવિકતા તરફ આગળ વધતું ભારત.

ઉપકાર નહીં અવસર.

સૌને સમાન તક અને સૌને સમાન પ્રોત્સાહન.

નવી આશા નવી તકોનું ભારત.

હરિયાળા અને સ્વચ્છ શહેરો.

લહેરાતાં ખેતર – ખુશહાલ ખેડૂત.

યુવાઓના સપનાઓનું ભારત.

નારીશકિતની અપેક્ષાઓને પરિપૂર્ણ કરતું ભારત.

ગરીબોને યોગ્ય અને સમાન તકો આપતું ભારત.

સૌના સ્વાભિમાનનું રક્ષણ કરતું ભારત.

નવનારી

સ્વસ્થ સાક્ષર સક્ષમ



‘‘ નવનારી એક ખૂબજ પ્રગતિશીલ પ્રોજેક્ટ છે, જે ન્યૂ ઈન્ડિયાની દિશામાં એક નક્કર પહેલ ગણાશે.’’

**સી.આર.પાટીલ**
**માન. સાંસદશ્રી, નવસારી**

## ૮. આપ પણ નવનારી અભિયાનમાં સહભાગી બની શકો છો.

‘નવનારી અભિયાન’ એ એક એવો સામાજિક વળાંક છે કે જે જીલ્લાને માત્ર સશક્ત જ નહીં પરંતુ સંવેદનશીલ પણ બનાવશે. આપ પણ આ અભિયાન માં સહભાગી બની શકો. આપનો નીચે પ્રમાણેનો સહયોગ કે જે,

(૧) વર્ગદીઠ રૂ. ૧૦,૦૦૦ ની આર્થિક સહાય કરીને એક નવનારી વર્ગ ને દત્તક લઈ શકશો, આપના સહયોગ ને www.navnari.com પર જાહેર કરવામાં આવશે.

(૨) જે લાભાર્થી ઉજવલા યોજના હેઠળ પાત્રતા ધરાવતા નથી તેમને રૂ. ૩૩૫૦ આપીને ગેસ કનેકશન આપવામાં આપ સહભાગી બની શકશો. આપના સહયોગને www.navnari.com પર જાહેર કરવામાં આવશે.

(૩) આપ પણ સ્વયંસેવક તરીકે ‘નવનારી’ વર્ગ ચલાવવા માટે આપનું રજીસ્ટ્રેશન અમારી પાસે કરી શકો છો.






**વધુ માહિતી માટે સંપર્ક કરો :**

**સરનામું :** ગ્રાઉન્ડ ફલોર, જીલ્લા સેવા સદન
કાલિયાવાડી, નવસારી – ૩૯૬ ૪૨૭, ગુજરાત

**ફોન નં. :** ૦૨૬૩૭ – ૨૫૯૬૦૦

**ઈ–મેઈલ :** navnarinavsari@gmail.com

**વેબસાઈટ :** www.navnari.com


Om Sai Printers : 99987 56518